# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪/ 12244

તા.૧૪/૦૮/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
જિ.સુરત

વિષય:-સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબત.
સંદર્ભ:-કમિસનર શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,ગાંધીનગરનો, પત્ર ક્રમાંક નં ધ/માધ્ય/પરચ/૨૦૨૪-૨૫/૭૫૦૧-૩૫ તા.૦૭/૦૮/૨૦૨૪ પત્ર અન્વયે

આ સાથે સામેલ કમિસનર શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,ગાંધીનગરના પત્ર અન્વયે નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણના સામેલ પત્રમાં જણાવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૪-૨૫/ ७५०१ - ३५

e-mail

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનિત વનની સામે, સે-૧૯
ગુ.રા., ગાંધીનગર.
તા.૭-૦૮-૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

**વિષય:સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબત.**

સંદર્ભ: નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૦૬-૦૮-૨૦૨૪ના પત્ર

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણના સામેલ પત્રમાં જણાવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી રહે તે મુજબની પધ્ધતી સંદર્ભ પત્રમાં જણાવેલ સંદર્ભ(૧) અને (૨)માં જણાવેલ સરકારશ્રીના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. જે સંદર્ભે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથે દરખાસ્ત જુલાઇ-૨૦૨૪ના અંત સુધીમાં મોકલવા અને જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી ૩૧, ઑગસ્ટ સુધીમાં પુરા પાડવા સુચનાઓ આપેલ હતી.

પરંતુ સદર બાબતે સમયમર્યાદામાં જાતિ પ્રમાણપત્ર પુરા પાડવાની કામગીરીમાં વિલંબ થયેલ છે. આથી, સરકારશ્રીએ અમલમાં મુકેલ પધ્ધતિનો વિદ્યાર્થીઓને પુરો લાભ મળી રહે તે માટે શાળાઓ મારફત વહેલી તકે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્ત સમયસર જે તે સત્તાધિકારીને મોકલી આપવામાં આવે અને સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા પણ પુરતી કાળજી લઇ જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સંબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામાં પુરી કરવા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સદર સુચનાઓને ધ્યાને લઇ તે મુજબની કામગીરી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભપત્ર

for નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારુ:
- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪/૩જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર

જિલ્લા ...
આવક નંબર :- 5667

# નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

બ્લોક નં-૪/૩ જો માળ, ડૉ જીવરાજ મહેતા ભવન

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ફોન નં. ૨૩૨૫૩૨૪૯, E MAIL ID dir-dew@gujarat.gov.in


ક્રમાંક: વિજાક/જાપ્રપ/ દરખાસ્ત/૨૦૨૪-૨૫/ ...                                                                                તા. -/૦૮/૨૦૨૪

પ્રતિ,

કમિશ્નરશ્રી,

કમિશ્નર શાળાઓની કચેરી,

બીજો માળ, વિધા સમિક્ષા કેન્દ્ર, સેકટર – ૧૯, ગાંધીનગર.

વિષય :- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબત.

સંદર્ભ :- (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૦૯/ ૧૩૬૩/અ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૦૯/ ૧૬૬૩/અ

(૩)અત્રેની કચેરીના તા.૧૪/૬/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: વિજાક /જાપ્રપ /૨૦૨૪નો પત્ર

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એટલે કે મે-જુન માસમાં એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓના પરિણામો બાદ નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ લેવા જાતિ પ્રમાણપત્રો મેળવવા ભારે ધસારો થાય છે. જેને કારણે વિધાર્થીઓ અને વાલીઓને જાતિ પ્રમાણપત્ર મેળવવા ખુબ જ હાલાકીનો સામનો કરવો પડે છે. આથી શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ધોરણ ૧૦ અને ધોરણ – ૧૨ ના વિધાર્થીઓને બોર્ડની પરીક્ષાના પરિણામ સાથે જ શાળા મારફતે જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી રહે તે મુજબની પધ્ધતી સંદર્ભ (૧) અને (૨) માં જણાવેલ સરકારશ્રીના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. જે સંદર્ભે અત્રેની કચેરીના સંદર્ભ (૩) થી શાળાઓ મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપુર્ણ વિગતો સાથેની દરખાસ્ત જુલાઇ – ૨૦૨૪ અંત સુધીમાં મેળવી લેવા અને જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી ૩૧, ઓગસ્ટ – ૨૦૨૪ સુધીમાં પુરા પાડવા સુચનાઓ આપેલ હતી. સદર બાબતે માન. મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયમાથી સૂચના મળેલ છે. માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પણ સદર બાબતે રીવ્યુ લેવામા આવે છે તથા વિધાનસભાની સામાજિક

અને પછાત વર્ગનો સમિતિ દ્વારા પણ વિદ્યાર્થીઓને શાળા મારફતે જાતિ પ્રમાણપત્ર મળી રહે તે અંગે સુચનાઓ આપેલ છે.

વધુમાં ઉક્ત બાબતે જણાવવાનુ હાલ જુલાઇનો માસ પુર્ણ થયેલ છે. તેમ છતા હજુ પણ શાળાઓ મારફતે દરખાસ્ત પહોચાડવાની કામગીરી ઘણી જ ધીમી ગતીએ હોઇ આ બાબતે સમયમર્યાદામા જાતિ પ્રમાણપત્ર પુરા પાડવાની કામગીરીમાં વિલંબ થાય તેમ છે. સરકારશ્રીએ અમલમાં મૂકેલ પધ્ધતિનો વિદ્યાર્થીઓને પુરો લાભ મળી રહે તે માટે શાળાઓ મારફત વહેલી તકે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્ત સમયસર જે તે સત્તાધિકારીને મોકલી આપવામાં આવે અને સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા પણ પુરતી કાળજી લઇ જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સંબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામાં પુરી કરવા આપની કક્ષાએ યોગ્ય સુચનાઓ થવા વિનંતી છે.

( વિક્રમસિંહ જાદવ )
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુ. રા., ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u> :-

માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.